# મેરીલેન્ડમાં મૂલ્યાંકન, લાયકાત અને વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમની (IEP) પ્રક્રિયાને સમજવી



મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન
ખાસ શિક્ષણ/વહેલી દરમિયાનગીરી સેવાનો વિભાગ

આધુનિક કર્યું **12/2008**

અનુક્રમણિકાઃ

મેરીલેન્ડમાં મૂલ્યાંકન, લાયકાત અને IEP પ્રક્રિયાને સમજવી


**પરિચય 1**

પરિવાર સહાય સેવાઓ 2

પરિવારો માટે અધિક સહાયક સ્રોતો 3

**ખોડખાંપણ ધરાવતા બાળકોની ઓળખ**

પ્રાથમિક ભલામણ 4

આકારણી માટેની જરૂરિયાતનો નિર્ણય 5

આકારણીઓ 5

પૃથક્કરણ 6

પ્રાથમિક પૃથક્કરણ 6

પ્રાથમિક પૃથક્કરણની સમાપ્તિ માટેની સમયમર્યાદા 7

પુનઃમૂલ્યાંકન 7

સેવાઓની સમાપ્તિ 8

શિશુઓ અને ચાલતા શિખતા બાળકો કાર્યક્રમમાંથી સંક્રમણ 8

**વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમ**

**(IEP) પ્રક્રિયા**

IEP ટીમ મીટીંગો 9

મીટીંગોમાં માતાપિતાની ભાગીદારી 9

IEP ટીમ 10

IEP ટીમ હાજરી 11

IEP સાહિત્ય 11

સંક્રમણ સેવાઓ 13

કામગીરીનો સાર 13

ખાસ શિક્ષણ સેવાઓ માટે સંમતિ આપવી 13

ખાસ શિક્ષણ સેવાઓ માટે સંમતિ રદ્દ કરવી 14

IEP વિકાસ, સમીક્ષા, અને સુધારો 14

મેરીલેન્ડમાં મૂલ્યાંકન, લાયકાત અને IEP પ્રક્રિયાને સમજવી

સુધારાઓ 15

નિયુક્તિ 16

IEP અમલીકરણ 16

અન્ય જાહેર એજન્સીમાં બદલી થતા બાળકો 16

ગ્રેજ્યુએશન આવશ્યકતાઓ 17

વિસ્તૃત શાળા વર્ષ સેવાઓ (ESY) 17

## પરિચય:

તમારા બાળકની ખાસ જરૂરિયાતો પૂર્ણ કરવા માટે તમારા બાળકના હક્કો, તમારા હક્કો અને જવાબદારીઓ, અને સ્કુલની જવાબદારીઓ સારી રીતે સમજવા માટે તમને સહાયક, મેરીલેન્ડમાં મૂલ્યાંકન, લાયકાત અને વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમની **(IEP)** પ્રક્રિયાને સમજાવતી આ માર્ગદર્શિકા મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન (MSDE) દ્વારા વિકસાવવામાં આવેલ છે. આ માર્ગદર્શનમાં બાળક ઓળખ, મૂલ્યાંકન, લાયકાત નિર્ણય, અને વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમ (IEP) પ્રક્રિયાઓના વર્ણનનો સમાવેશ થાય છે.

સંશોધન દર્શાવે છે કે જ્યારે પરિવારો તેમના બાળકોના વિકાસ અને શિક્ષણમાં સામેલ હોય છે ત્યારે સ્કુલમાં બાળકો વધુ સફળ થાય છે. જે બાળક ખોડખાંપણ ધરાવે છે, ત્યારે માતાપિતાની સામેલગીરી ખૂબ મહત્વની નિવડી શકે છે. ઘણીવાર, બાળકોની મજબૂતી વિશેની માહિતી માટે અને ખોડખાંપણ તેમના બાળકના વિકાસ અને શિખવાની ક્ષમતા પર કેવી રીતે પ્રભાવ પાડે છે તે અંગે, માતાપિતા એક માત્ર અથવા શ્રેષ્ઠ સ્ત્રોત હોય છે. પોતાના બાળકોના શિક્ષણમાં માતાપિતા એક મહત્વનો ભાગ ભજવે છે. બાળકને પર્યાપ્ત શૈક્ષણિક સેવાઓ પૂરી પાડવા માટે માતાપિતા અને સ્કુલ વ્યક્તિઓ સાથે કાર્ય કરે તેવી કાયદાની જોગવાઇ છે. ખોડખાંપણ ધરાવતા બાળકના માતાપિતા હોવાથી, જ્યારે તમને આવશ્યકતા જણાય ત્યારે પ્રશ્નો પૂછવા જોઇએ અને સહાય માટે વિનંતી કરવી જોઇએ.

MSDE ની ખાસ શિક્ષણ/ વહેલી દરમિયાનગીરી સેવાઓનો વિભાગ સ્થાનિક પરિવાર સંચાલકોના એક ત્રી-ભાગીય નેટવર્કનું સંચાલન કરે છે જે તેમના બાળકો માટે ખાસ શિક્ષણ અને વહેલી દરમિયાનગીરી મેળવવા માટેની પ્રક્રિયામાં તેમનો ભાગ ભજવવામાં ખોડખાંપણ

## મેરીલેન્ડમાં મૂલ્યાંકન, લાયકાત અને IEP પ્રક્રિયાને સમજવી

જન્મથી 21 સુધીના બાળકોના માતાપિતાને સહાય કરે છે. મેરીલેન્ડમાં દરેક અધિકારક્ષેત્ર, નીચેના દરેક વય સમૂહોના ખોડખાંપણ ધરાવતા બાળકો માટે એક પરિવાર સહાય સેવાઓ સંચાલક ધરાવે છેઃ

- જન્મથી 3 વર્ષ – પરિવાર સહાય નેટવર્ક
- 3 થી 5 વર્ષ - શાળાપૂર્વે ભાગીદારો
- 5 થી 21 વર્ષ – સફળતા માટે ભાગીદારો

આ સંચાલકો વહેલી દરમિયાનગીરી અને ખાસ શિક્ષણ સેવાઓની ચર્ચા કરવા, પરિવારોમાં નવાં જોડાણોને ઉત્તેજન આપવા, સ્રોતો પૂરાં પાડવા અને લાયબ્રેરીનું સંચાલન કરવા, માતાપિતા તાલીમ સત્રો અને સહાય સમૂહોનું આયોજન કરવા અને પ્રશ્નોના જવાબ આપવા માટે ઉપલબ્ધ છે. અનૌપચારિક સુવિધા અથવા ખોડખાંપણ ધરાવતા વ્યક્તિઓ માટે શિક્ષણ સુધારા નિયમ 2004 (IDEA) દ્વારા નક્કી કરવામાં આવેલ ઔપચારિક નિરાકરણ પ્રક્રિયાઓ વિશે માહિતી પૂરી પાડી, તેઓ સ્કુલ સિસ્ટમ સાથેની સમસ્યાઓના નિરાકરણમાં માતાપિતાને પણ સહાય કરે છે.

પછીના પૃષ્ઠ પર તમારા અધિકારક્ષેત્રમાં પરિવાર સહાયક સેવા સંચાલકોની સૂચિ છે. ખોડખાંપણ ધરાવતા બાળકોના લાભાર્થે અમારા તમામ સંચાલકો તમારી સાથે કાર્ય કરવા માટે આતુર છે.

# પરિવાર સહાય સેવાઓ

## ખોડખાંપણ ધરાવતા બાળકોના પરિવારો માટેઃ

### સ્થાનિક પરિવાર સહાયક સેવા સંચાલકોની સૂચિ

| અધિકારક્ષેત્ર | પરિવાર સહાય નેટવર્ક વય જન્મ થી 3 | સ્કુલ પૂર્વે ભાગીદારો વય 3 થી 5 | સફળતા માટે ભાગીદારો વય 3 થી 21 |
|---|---|---|---|
| એલેગની કાઉન્ટી | 301-689-2407 | 301-689-2407 | 301-689-2407 |
| એન અરુન્ડેલ કાઉન્ટી | 410-222-6911 | 410-222-3805 | 410-222-3805 |
| બાલ્ટીમોર સીટી | 410-396-1666 | 410-396-8995 | 410-396-8995 |

| | | | |
|---|---|---|---|
| બાલ્ટીમોર કાઉન્ટી | 410-887-2169 | 410-887-5443 | 410-887-5443 |
| કેલવર્ટ કાઉન્ટી | 410-535-7387 | 410-535-7387 | 410-535-7387 |
| કેરોલીન કાઉન્ટી | 410-479-4204 | 410-479-4204 | 410-479-4204 |
| કેરોલ કાઉન્ટી | 410-876-4437 | 410-751-3955 | 410-751-3955 |
| સેસીલ કાઉન્ટી | 410-996-5637 | 410-996-5637 | 410-996-5637 |
| ચાર્લ્સ કાઉન્ટી | 301-934-7456 | 301-934-7456 | 301-934-7456 |
| ડોર્સેસ્ટર કાઉન્ટી | 410-221-0837 | 410-221-0837 | 410-221-0837 |
| ફ્રેડરીક કાઉન્ટી | 301-600-1617 | 301-600-1617 | 240-236-8430 |
| ગેરેટ કાઉન્ટી | 301-334-8119 | 301-334-8119 | 301-334-8935 |
| હારફોર્ડ કાઉન્ટી | 410-638-3823 | 410-638-3823 | 410-273-5579 |
| હાવાર્ડ કાઉન્ટી | 410-313-7161 | 410-313-7161 | 410-313-7161 |
| કેન્ટ કાઉન્ટી | 410-778-5708 | 410-778-5708 | 410-778-5708 |
| મોન્ટેગોમરી કાઉન્ટી | 240-777-4809 | 240-777-4809 | 301-279-3100 |
| પ્રિન્સ જ્યોર્જીસ કાઉન્ટી | 301-883-7428 | 301-883-7428 | 301-431-5675 |
| ક્વીન એન્સ કાઉન્ટી | 410-827-4629, ext. 149 | 410-827-4629 | 410-758-3693 |
| સોમરસેટર કાઉન્ટી | 410-651-9413 | 410-651-9413 | 410-651-9413 |
| સેંટ મેરીઝ કાઉન્ટી | 301-475-4393 | 301-475-4393 | 301-863-4069 |
| ટાલ્બોટ કાઉન્ટી | 410-820-7468 | 410-820-7468 | 410-820-7468 |
| વોશીંગ્ટન કાઉન્ટી | 301-766-8221 | 301-766-8221 | 301-766-8221 |
| વિકોમિકો કાઉન્ટી | 410-677-5250 | 410-677-5250 | 410-677-5250 |
| વોર્સેસ્ટર કાઉન્ટી | 410-632-5234 | 410-632-5234 | 410-632-5234 |

## રાજ્ય વ્યાપી પરિવાર સહાય સેવા સંચાલકો

| | |
|---|---|
| મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન ફેમીલી સપોર્ટ સર્વિસીસ (મેરીલેન્ડ મિલીટરી પરિવારો અને અટકાયત કરેલ અને સમર્પિત યુવાઓના પરિવારો માટે સહાય સહિત) | 1-800-535-0182 |
| મેરીલેન્ડ સ્કુલ ફોર ધ બ્લાઈન્ડ | 1-800-400-4519 ext. 489 |
| મેરીલેન્ડ સ્કુલ ફોર ધ ડેફ | 410-480-4597 |

સંપૂર્ણ સૂચિ વેબ પર ઉપલબ્ધ છેઃ www.mdecgateway.org

# અધિક સહાયક સ્ત્રોતો

## ખોડખાંપણ ધરાવતા બાળકોના પરિવારો માટે:

- **મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન**

http://marylandpublicschools.org/msde

આકારણીઓ સહિત મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન અને મેરીલેન્ડ પબ્લીક સ્કુલ્સ, અને મેરીલેન્ડ વોલન્ટરી સ્ટેટ કરીક્યુલમના અભિગમો વિશે માહિતી.

- **મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન**

**ખાસ શિક્ષણ/વહેલી દરમિયાનગીરી સેવાઓનો વિભાગ**

http://marylandpublicschools.org/msde/divisions/earlyinterv/

સ્વલીનતાના સ્ત્રોતો, મેરીલેન્ડ પરિવારો સાથે IEP નું ઘડતર, રાજ્ય સ્તરે IEP સ્વરૂપ અને સ્તર, સમસ્યા નિવારણ પર સ્ત્રોતો, અને વધુ.

- **મેરીલેન્ડ અર્લી ચાઇલ્ડહુડ ગેટવે**

http://ww.mdecgateway.org

જન્મથી પાંચ વર્ષની વય સુધી ખોડખાંપણ સાથેના યુવાન બાળકોના પરિવારો અને સહાયકર્તાઓ માટે ઓનલાઇન સ્ત્રોત.

- **પ્રક્રિયા સંલગ્ન સંરક્ષણ**

આ માર્ગદર્શનનો હેતુ પ્રક્રિયા સંલગ્ન સંરક્ષણ દસ્તાવેજને, અથવા કોઇ આવશ્યક જાહેરાત બદલવાનો નથી, અને રાજ્યના ખાસ શિક્ષણ નિયમોનોની અવેજમાં નથી. તમારા કાનુની હક્કોને વિસ્તૃત રીતે સમજવામાં સહાય માટે, પ્રક્રિયામાં ચોક્કસ સમયે શાળાઓ પ્રક્રિયા સંલગ્ન સંરક્ષણ દસ્તાવેજ જેનું શિર્ષક – પેરન્ટલ રાઇટ્સ – પ્રોસીજરલ સેફગાર્ડસ નોટીસ છે, તે માતાપિતાને આપશે. પેરન્ટલ રાઇટ્સ – પ્રોસીજરલ સેફગાર્ડસ નોટીસની ઇલેક્ટ્રીક નકલ આ સ્થળેથી ઉપલબ્ધ થશે:

www.marylandpublicschools.org/MSDE/divisions/earlyinterv/Special_Ed_Info.htm.

- **કોડ ઓફ મેરીલેન્ડ રેગ્યુલેશન (COMAR)**
  કોડ ઓફ મેરીલેન્ડ રેગ્યુલેશન્સ વિશે માહિતી રાજ્ય વિભાગના રાજ્ય દસ્તાવેજની આ વેબસાઇટ પર ઉપલબ્ધ છેઃ http://www.dsd.state.md.us/comar/.

- **યુ.એસ. ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન**
  યુનાઇટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન ખોડખાંપણ સાથેના વ્યક્તિના શિક્ષણ સંલગ્ન સ્ત્રોતો પૂરાં પાડે છેઃ http://idea.ed.gov/.

# ખોડખાંપણ ધરાવતા બાળકોની ઓળખઃ

બાળક ઓળખ સ્થાનિક શાળા વ્યવસ્થા અને જાહેર સંસ્થાઓ દ્વારા ઉપયોગમાં લેવાતી સતત ચાલુ રહેતી પ્રક્રિયા છે, જે ત્રણથી 21 વર્ષના બાળકો, જેઓને ખોડખાંપણ સાથેના વિદ્યાર્થી તરીકે ખાસ શિક્ષણ સેવાઓની આવશ્યકતા હોય તેમને ઓળખે છે. મેરીલેન્ડ રાજ્યમાં રહેતા તમામ ખોડખાંપણ સાથેના બાળકો, ખાનગી શાળાઓના ખોડખાંપણ સાથેના બાળકો સહિત, તેમની ખોડખાંપણની તીવ્રતાને ધ્યાને ન લઇને, પર નીતિ અને પ્રક્રિયાઓ લાગુ કરે છે અને જેઓને ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવાઓની આવશ્યકતા હોય, તેમની શોધ, ઓળખ, અને મૂલ્યાંકન કરવામાં આવે છે, અને વ્યવહારીક પદ્ધતિનો ઉપયોગ કરીને હાલમાં ક્યા બાળકો ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવાઓ મેળવે છે તે નક્કી કરે છે. તેમાં આ બાબતોનો સમાવેશ થાય છેઃ

- સ્થાનિક શાળા વ્યવસ્થાના અધિકારક્ષેત્રની ખાનગી એલીમેન્ટરી શાળાઓ, ખાનગી માધ્યમિક શાળાઓ, અને ચાર્ટર શાળાઓમાં ભણતા બાળકો;
- અતિશય સ્થળાંતર કરતા બાળકો; પ્રવાસી બાળકો;
- ઘરવિહોણા બાળકો;
- રાજ્યના વોર્ડસ; અને
- એવા બાળકો કે જે ગ્રેડ પાસ કરીને આગળના ગ્રેડમાં પ્રવેશ કરતા હોય તો પણ ખોડખાંપણ ધરાવતા વિદ્યાર્થી હોવાની શંકા હોય.

**પ્રાથમિક ભલામણઃ**

માતાપિતા અથવા શાળાની વ્યક્તિ બાળકોના પ્રીન્સીપાલ અથવા સ્થાનિક ખાસ શિક્ષણ

સંચાલકને કોઇપણ સમયે બાળકના મૂલ્યાંકન માટે લેખિતમાં વિનંતી કરી શકે છે. તમારી લેખિત અરજી ભલામણની નોંધ કરે છે અને ભલામણ સમય મર્યાદા શરૂ થશે. ભલામણના સ્ત્રોત દ્વારા જે કારણોસર મૂલ્યાંકનની ભલામણ કરવામાં આવી છે અને કોઇ પ્રયત્નો જે મૂદ્દાઓને સંબોધવા માટે કરવામાં આવ્યાં હોય તેની સ્પષ્ટતા કરવી ફરજિયાત છે.

જો જાહેર સંસ્થા નક્કી કરે કે આકારણીઓની આવશ્યકતા છે, તો તમારા બાળકને ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવાઓની આવશ્યકતા છે તેનો નિર્ણય કરવા માટે તેઓ તમારા બાળક સુધીની પહોંચ માટે તુરંત જ તમારી સંમતિ માટે અરજી કરશે. તમારી લેખિત સંમતિ વિના જાહેર એજન્સી તમારા બાળકના વ્યક્તિગત આકારણીઓનું સંચાલન કરી શકતી નથી. તમામ અન્ય બાળકોના માતાપિતાની સંમતિની આવશ્યકતા ન હોય તેવા તમામ અન્ય બાળકોને આપવામાં આવતી તપાસો જે તમારા બાળકને આપવામાં અથવા હયાત માહિતીની સમીક્ષા કરતા પહેલાં જાહેર એજન્સીને તમારી સંમતિની આવશ્યકતા નથી. જો જાહેર સંસ્થા માને કે તમારા બાળકને ખોડખાંપણ છે જેના માટે ખાસ શિક્ષણની જોગવાઇની આવશ્યકતા છે અને તમે માહિતીપ્રદ લેખિત સંમતિ આપવાની ના પાડો છો, તો જાહેર એજન્સી તમને મધ્યસ્થી અથવા સુનાવણી પ્રક્રિયામાં ભાગ લેવા માટે વિનંતી કરશે. જો બાળકોના માતાપિતા અથવા IEP ટીમ પારસ્પરીક લેખિત કરાર દ્વારા સમય મર્યાદા વિસ્તૃત ન કરે, તો જાહેર એજન્સી કોડ ઓફ મેરીલેન્ડ રેગ્યુલેશન્સમાં (COMAR) વર્ણાવાયેલ સમય મર્યાદાઓનું પાલન કરશે.

આકારણી **માટેની જરૂરિયાતનો નક્કી કરવી:**

આવશ્યકતા અનુસાર જે આકારણી પ્રક્રિયાઓનું સંચાલન કરવામાં આવે છે તેની અને જાહેર એજન્સી દ્વારા કોઇ આકારણી પ્રક્રિયા ભલામણ કરવામાં આવી હોય અથવા સંચાલન માટે ના પાડવામાં આવી હોય તેની લેખિત નોટીસ માતાપિતાને મળે છે તેની જાહેર એજન્સી ખાતરી કરશે. જો જાહેર સંસ્થા નિર્ણય કરશે કે કોઇ અધિક માહિતીની આવશ્યકતા નથી અથવા તમારા બાળકને ખોડખાંપણ અથવા વિકાસલક્ષી વિલંબ ધરાવતા બાળક તરીકે શંકા ન કરે, તો જાહેર સંસ્થાને તમારા બાળકના મૂલ્યાંકનના તેમના ઇન્કારની લેખિત નોટીસ તમને આપવાની રહેશે. જો તમે નિર્ણય સાથે અસંમત હો, તો તમે ઓફિસ ઓફ એડમીનીસ્ટ્રેટીવ હિયરીંગને (OAH) સુનાવણી પ્રક્રિયા ફરિયાદ દાખલ કરી અપીલ કરી શકશો.

આકારણીઓ:

આકારણીઓ એ દરેક વિદ્યાર્થી માટે વ્યક્તિગત પ્રક્રિયાઓ છે. બાળક માટે પર્યાપ્ત સંલગ્ન કાર્યકારી, વિકાસલક્ષી, અને શૈક્ષણિક માહિતી એકત્ર કરવા માટે જાહેર સંસ્થા વિવિધ આકારણી સાધનો અને વ્યુહોનો ઉપયોગ કરશે. આ માહિતીનો ઉપયોગ જો બાળક ખોડખાંપણ ધરાવતો વિદ્યાર્થી હોય અને બાળકોના IEP વિષય વસ્તુ નક્કી કરવામાં સહાયક થશે. એકેડેમિક માહિતીમાં સામાન્ય અભ્યાસક્રમમાં તમારા બાળકના વિકાસનો, અથવા શાળા પૂર્વેના બાળક માટે, યોગ્ય ક્રિયાઓમાં ભાગીદારીનો સમાવેશ થાય છે. આકારણીઓમાં મુદ્રીત કસોટીઓ, સર્વેક્ષણો, માતાપિતા તરફથી માહિતી, સાથે અન્ય માહિતીના સ્ત્રોતોનો સમાવેશ થાય છે જે નીચે મુજબ હોવા જોઇએ.

- પસંદ કરેલ અને સંચાલન કરવામાં આવતા માર્ગો વંશીય રીતે અથવા સાંસ્કૃતિક રીતે તફાવતકારક ન હોય;
- બાળકની પોતાની ભાષા અથવા સંદેશા વ્યવહારની અન્ય પદ્ધતિમાં સંચાલન કરવામાં અને જો આમ કરવાનું વ્યવહારિક રીતે શક્ય ન હોય ત્યાં સુધી, બાળક શું જાણે છે અને શૈક્ષણિક રીતે, વિકાસલક્ષી, અને કાર્યલક્ષી રીતે શું કરી શકે છે તેના વિશે ચોક્કસ માહિતી મેળવવાના ખુબ સામાન્ય સ્વરૂપમાં હોવી જોઇએ;
- એવા હેતુઓ માટે ઉપયોગ જેમાં આકારણીઓ અથવા માપો માન્ય અને વિશ્વસનીય હોય; તેનું સંચાલન તાલીમ પામેલ અને જ્ઞાની વ્યક્તિ દ્વારા, કસોટીના ઉત્પાદક દ્વારા પૂરી પાડવામાં આવેલ સૂચનાઓ મુજબ કરવામાં આવે;
- શૈક્ષણિક આવશ્યકતાના ચોક્કસ વિસ્તારો ઓળખવા માટે બનાવવામાં આવેલ હોય, માત્ર એક સામાન્ય બૌદ્ધિક આંક પૂરો પાડવા માટે નહીં; અને
- ક્ષતિગ્રસ્ત સંવેદનશીલ, શારિરીક અથવા બોલવાનું કૌશલ્ય, સિવાય કે જ્યાં આ કૌશલ્યો તપાસમાં માપવા માટેના મુદ્દા હોય, તેના બદલે બાળકની લાયકાત અથવા પ્રાપ્તિને ચોક્કસ રીતે પ્રદર્શિત કરવા માટે પસંદ કરાયેલ હોય.

આકારણી પ્રક્રિયાઓના દરેક અહેવાલમાં આ મુજબ સમાવેશ થશેઃ

- શંકાસ્પદ ખોડખાંપણના દરેક ક્ષેત્રમાં બાળકની કાર્યક્ષમતાનું વર્ણન;
- સંલગ્ન કાર્યલક્ષી, જ્ઞાનાત્મક, વિકાસલક્ષી, વર્તણૂકલક્ષી અને શારીરિક માહિતી;
- સામાન્ય અભ્યાસક્રમમાં બાળકની ભાગીદારી માટે આદેશાત્મક ગર્ભિતાર્થો અથવા, શાળાપૂર્વેના બાળક માટે, યોગ્ય કાર્યોમાં ભાગીદારી; અને
- જે કોઇ આકારણીઓનું માન્ય સ્થિતિ હેઠળ સંચાલન કરવામાં આવતુ નથી, તે કેવી રીતે

માન્ય સંચાલન પ્રક્રિયાઓ અલગ છે તેનું વર્ણન.

## મૂલ્યાંકનઃ

મૂલ્યાંકનનો અર્થ છે કે બાળકને ખોડખાંપણ છે કે કેમ, અને બાળકની શૈક્ષણિક જરૂરિયાતો અંગે મૂલ્યાંકન અને લાયકાતના નિર્ણય માટેની ફેડરલ અને સ્ટેટ નિયમો સાથે સુસંગત પ્રક્રિયા. IDEA હેઠળ ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવાઓની પ્રાથમિક જોગવાઇ ખોડખાંપણ ધરાવતા વિદ્યાર્થીને આપતા <u>પહેલાં</u> એક સંપૂર્ણ અને વ્યક્તિગત મૂલ્યાંકન કરવામાં આવે છે. IEP ટીમની મીટીંગ સમયે મૂલ્યાંકન કરવામાં આવે છે અને, યોગ્ય, અન્ય અનુભવી વ્યવસાયિકો નીચેના મુદ્દાઓની સમીક્ષા કરે છેઃ

- વર્તમાન માહિતી અને આકારણી મૂલ્યાંકનો;
- માતાપિતા દ્વારા આપવામાં આવેલ મૂલ્યાંકનો અને માહિતી;
- વર્તમાન ક્લાસરૂમ – આધારીત આકારણીઓ, સ્ટેટ અને જિલ્લા વ્યાપી આકારણીઓ અને નિરીક્ષણો, અને
- નીચેના મુદ્દાઓ નક્કી કરવા માટે શિક્ષકો અને સંલગ્ન સેવા વ્યક્તિઓ દ્વારા નિરીક્ષણોઃ
    - બાળક ખોડખાંપણ ધરાવતુ વિદ્યાર્થી છે કે કેમ;
    - બાળકની શૈક્ષણિક આવશ્યકતાઓ;
    - શૈક્ષણિક સિદ્ધિનું હાલનું સ્તર અને વિકાસલક્ષી આવશ્યકતાઓ;
    - બાળકની ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવાઓની આવશ્યકતાઓ પછી ભલે તે ખોડખાંપણ શ્રેણી જેમાં બાળકને વર્ગીકૃત કરવામાં આવ્યું હોય તેની સાથે સમાન્ય રીતે જોડાયેલ હોય કે ન પણ હોય; અને
    - IEP ના લક્ષ્યો પૂર્ણ કરવા માટે, અને જો યોગ્ય હોય તો, સામાન્ય અભ્યાસક્રમમાં ભાગ લેવા માટે બાળક માટે કોઇ ઉમેરા અથવા ફેરફારો.

## પ્રાથમિક મૂલ્યાંકનઃ

જો યોગ્ય હોય, તો નીચેની બાબતો સહિત, શંકાસ્પદ ખોડખાંપણ સંલગ્ન તમામ વિસ્તારોમાં બાળકની આકારણી કરવામાં આવી છે તેની પર્યાપ્ત ખાતરી કરવા માટે સર્વગ્રાહી પ્રાથમિક મૂલ્યાંકન થવું જોઇએ:

- શૈક્ષણિક કાર્યક્ષમતા
- સંદેશાવ્યવહાર
- સામાન્ય જ્ઞાન
- સ્વાસ્થ્ય, શ્રવણશક્તિ અને દ્રષ્ટિ સહિત
- હલનચલન ક્ષમતા
- સામાજિક, ભાવનાત્મક અને વર્તણૂક સ્થિતિ

જો બાળક ખોડખાંપણ ધરાવતો વિદ્યાર્થી હોય તો નિર્ણય માટે અને બાળક માટે યોગ્ય શૈક્ષણિક કાર્યક્રમ નક્કી કરવા માટે માત્ર કોઇ એક પ્રક્રિયાનો ઉપયોગ થશે નહીં.

જો નીચે મુજબ નિર્ણયાત્મક કારણ હોય તો ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવાઓની આવશ્યકતામાં ખોડખાંપણ ધરાવતા વ્યક્તિ તરીકે બાળકની ઓળખ થશે નહીં:

- વાંચનમાં, આવશ્યકત વાંચન સૂચનાના ભાગો સહિત યોગ્ય સૂચનાની ખામી, જેમાં આ મુજબ સમાવેશ થાય છેઃ
- ઉચ્ચારણ તકેદારી
- ઉચ્ચારણશાસ્ત્ર
- શબ્દકોષ વિકાસ
- વાંચન ઝડપ, મૌખિક વાંચન કૌશલ્ય સહિત
- વાંચન સમજણ કુશળતા
- ગણિતમાં સૂચનાની ખામી
- બાળક ખોડખાંપણ ધરાવતા વિદ્યાર્થી તરીકે લાયક ન થાય તો, બાળકનું મર્યાદિત ઇંગ્લીશ કૌશલ્ય.

**પ્રાથમિક મૂલ્યાંકનની સમાપ્તિ માટે સમયમર્યાદાઃ**

જો બાળક ખોડખાંપણ ધરાવતું બાળક હોય તો નિર્ણય કરવા માટે પ્રાથમિક મૂલ્યાંકન કરવા માટે બાળકના માતાપિતા અથવા જાહેર એજન્સી વિનંતી કરશે. બાળક સુધી પહોંચ માટેની માતાપિતાની લેખિત સંમતિ મળ્યાની તારીખથી 60 દિવસોમાં પ્રાથમિક મૂલ્યાંકન ફરજિયાત રીતે સમાપ્ત થવું જોઇએ. 60 દિવસની સમયમર્યાદા સ્થાનિક શૈક્ષણિક સંસ્થાને લાગુ થશે નહીં જોઃ

- માતાપિતાએ પ્રારંભિક આકારણી માટે અન્ય જાહેર એજન્સીમાં સંમતિ આપી હોય ત્યારબાદ બાળક જાહેર એજન્સીની શાળામાં દાખલ થયું હોય અને જો બાળક

ખોડખાંપણ ધરાવતુ હોય તેવો પહેલાંની જાહેર એજન્સીએ નિર્ણય આપેલ હોય. જો પછીની જાહેર એજન્સી મૂલ્યાંકન ઝડપથી પૂર્ણ થાય તેની ખાતરી માટે યોગ્ય કાર્ય કરે, અને માતાપિતા અને પછીની જાહેર એજન્સી એક ચોક્કસ સમય મર્યાદામાં મૂલ્યાંકન સમાપ્ત થાય માટે સંમત હોય, તો જ આ અપવાદ લાગુ થાય છે.

- મૂલ્યાંકન માટે બાળકને હાજર કરવા માટે બાળકના માતાપિતા વારંવાર નિષ્ફળ જાય અથવા ઇન્કાર કરે; અથવા
- જાહેર એજન્સી અને માતાપિતા પારસ્પરીક રીતે લેખિતમાં 60-દિવસ મૂલ્યાંકન મર્યાદા વધારવા માટે સંમત થાય.

જો પ્રાથમિક મૂલ્યાંકન દરમિયાન, IEP ટીમ નિર્ણય લે કે બાળક ખોડખાંપણ ધરાવે છે અને તેને ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવાઓની આવશ્યકતા છે, તો બાળકના IEP વિકાસ માટે પ્રાથમિક મૂલ્યાંકનના 30 દિવસની અંદર IEP ટીમે ફરજિયાત મુલાકાત કરવાની રહેશે. જાહેર એજન્સી, IEP ટીમ મૂલ્યાંકન નિર્ણયની નકલ માતાપિતાને આપશે.

**શિશુઓ અને ચાલતા શિખતા બાળકોમાંથી સંક્રમણ:**

જો સ્થાનિક શિશુઓ અને ચાલતા શિખતા બાળકોમાંથી સંક્રમણમાં હોય તે બાળક ખોડખાંપણ ધરાવતુ હોય જેના માટે ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવાઓની આવશ્યકતા હોય, તે નિર્ણય કરવા માટે જાહેર એજન્સી, IEP ટીમ મિટીંગનું આયોજન કરશે.

જો બાળકે પહેલાં ભાગ C હેઠળ સમય પસાર કરેલ હોય, તો માતાપિતાની અરજી પર, ભાગ C સેવા સંચાલક અથવા ભાગ Cના અન્ય પ્રતિનિધિઓને સેવાઓના સરળ રૂપાંતરમાં સહાય માટે પ્રાથમિક IEP મિટીંગ માટે આમંત્રણ મોકલશે.

બાળક ખોડખાંપણ ધરાવતો વિદ્યાર્થી છે અથવા વિકાસમાં વિલંબ છે તેવો નિર્ણય IEP ટીમ કરે, તો IEP ટીમ બાળક માટે IEP તૈયાર કરશે. બાળકનું IEP બાળકના ત્રીજા જન્મદિવસે અમલમાં આવવું જોઇશે.

**પુનઃમૂલ્યાંકનઃ**

જાહેર એજન્સીએ ખાતરી કરવી ફરજિયાત છે કે ખોડખાંપણ ધરાવતા દરેક બાળક માટે પૂનઃમૂલ્યાંકન પૂર્ણ કરવામાં આવે જોઃ

- જાહેર એજન્સી નક્કી કરે કે સુધારેલ શૈક્ષણિક સિદ્ધિ અથવા કાર્યકારી ક્ષમતા સહિત,

બાળકની શૈક્ષણિક અથવા સંલગ્ન સેવાની જરૂરિયાતો, પુનઃમૂલ્યાંકન આવશ્યકતા નિર્ધારિત કરે છે; અથવા

- બાળકના માતાપિતા અથવા શિક્ષક પુનઃમૂલ્યાંકન માટે અરજી કરે.

જો માતાપિતા અથવા જાહેર એજન્સી અન્યથા સંમત ન થાય તે સિવાય પુનઃમૂલ્યાંકન વર્ષમાં એક કરતાં વધુ વખત થશે નહીં; અને જો માતાપિતા અથવા જાહેર એજન્સી સંમત થાય કે પુનઃમૂલ્યાંકનની આવશ્યકતા નથી તે સિવાય, ઓછામાં ઓછા ત્રણ વરસે એક વખત થવું જોઇએ. શક્ય હોય તેટલે અંશે, બાળક અને બાળક માટે અન્ય IEP ટીમ મિટીંગો માટે પુનઃમૂલ્યાંકન મિટીંગોની સુદ્રઢતાને, જાહેર એજન્સીએ ફરજિયાત પ્રોત્સાહન આપવું જોઇએ. IEP ટીમ હયાત મૂલ્યાંકન માહિતી, માતાપિતા તરફથી માહિતી, ક્લાસરૂમ-આધારીત આકારણી, રાજ્ય અને જિલ્લા ધોરણે આકારણીઓ, અને નક્કી કરવા માટે કોઇ વધારાની માહિતીની જરૂર છે કે કેમ તેના માટેના નિરીક્ષણો સહિતની સમીક્ષા કરશે.

- ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવાઓની જોગવાઇની આવશ્યકતાની જરૂર હોય તેવું ખોડખાંપણ બાળકને ચાલુ રહે છે કે કેમ;
- બાળકના શિક્ષણ સિદ્ધિના વર્તમાન સ્તરો અને સંલગ્ન વિકાસલક્ષી આવશ્યકતાઓ; અને
- બાળકના IEP ના માન્ય વાર્ષિક લક્ષ્યો પૂર્ણ કરવા માટે, અને જો યોગ્ય હોય, સામાન્ય અભ્યાસક્રમમાં ભાગ લેવા માટે, બાળક માટે કોઇ ઉમેરા અથવા ફેરફારો છે કે કેમ.

જો IEP ટીમ નિર્ણય કરે છે કોઇ વધારાની માહિતીની આવશ્યકતા છે, તો જ્યાં સુધી માતાપિતાને જાણ કરવામાં ન આવે અને માતાપિતાની સંમતિની વિનંતી કરવામાં ન આવે ત્યાં સુધી આકારણી હાથ ધરવામાં આવશે નહીં. IEP ટીમ દ્વારા ભલામણ કરવામાં આવેલ આકારણીની તારીખના 90 દિવસમાં મૂલ્યાંકનના પરિણામોની IEP ટીમ સમીક્ષા કરશે. જો IEP ટીમ નિર્ણય કરે કે કોઇ વધારાની માહિતીની આવશ્યકતા નથી, તો જાહેર એજન્સી તે વાસ્તવિકતા અને નિર્ણયના કારણોની જાણ માતાપિતાને કરશે. જ્યાં સુધી બાળકના માતાપિતા દ્વારા આમ કરવાની અરજી ન કરવામાં આવે, ત્યાં સુધી પુનઃમૂલ્યાંકન હેતુઓ માટે, જાહેર એજન્સીને આકારણીનું સંચાલન કરવાની આવશ્યકતા નથી.

**સેવાઓની સમાપ્તિઃ**

બાળક વિદ્યાર્થી તરીકે કોઇ વધુ ખોડખાંપણ ધરાવતુ નથી તેનો નિર્ણય કરતા પહેલાં ફેડરલ અને

સ્ટેટ નિયમો અનુસાર જાહેર એજન્સીએ ખોડખાંપણ ધરાવતા બાળકનું પુનઃમૂલ્યાંકન કરવું ફરજિયાત છે.

નિયમિત હાઇ સ્કુલ ડિપ્લોમા, અથવા ફ્રિ એપ્રોપ્રીએટ પબ્લીક એજ્યુકેશન (FAPE) માટે વય લાયકાત અધિક હોવાના કારણે IDEA ના ભાગ B હેઠળ બાળકની લાયકાતની સમાપ્તિ કરતાં પહેલાં આ પુનઃમૂલ્યાંકનની આવશ્યકતા નથી.

# વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમ (IEP) પ્રક્રિયા:

## IEP ટીમ મીટીંગો:

IDEA દ્વારા અને બાળકની શૈક્ષણિક આવશ્યકતા માટે બાળક ખોડખાંપણ ધરાવતુ વિદ્યાર્થી છે કે કેમ તે નક્કી કરવા માટે જાહેર એજન્સી ટીમ પ્રક્રિયાનો ઉપયોગ કરે છે. વિકાસ, સમીક્ષા અને ખોડખાંપણ ધરાવતા વિદ્યાર્થીના IEP માં ફેરફાર કરવા માટે, અને બાળકની શૈક્ષણિક નિયુક્તિના હેતુઓ માટે મિટીંગોની શરૂઆત અને સંચાલન કરવા માટે દરેક જાહેર એજન્સી જવાબદાર છે. ખોડખાંપણ ધરાવતા દરેક વિદ્યાર્થીના માતાપિતાને જાણ કરવી અને તેમના બાળક માટે સંચાલન કરવામાં આવતી કોઇપણ IEP મિટીંગોમાં ભાગ લેવાની તક પૂરી પાડવી ફરજિયાત છે.

બાળકની શૈક્ષણિક નિયુક્તિ બાબતના નિર્ણયો લેવા માટે માતાપિતા IEP ટીમના સભ્યો છે. માતાપિતા સમજે અને તેમના બાળકની શૈક્ષણિક નિયુક્તિ, બહેરાશ ધરાવતા માતાપિતા, અથવા જેમની માતૃભાષા ઇંગ્લીશ ન હોય તેમના માટે દુભાષિયાની વ્યવસ્થા સહિત, સંલગ્ન કોઇ સમૂહ ચર્ચામાં ભાગ લઇ શકે તેની ખાતરી કરવા માટે જાહેર એજન્સીએ વ્યાજબી પ્રયાસો કરવા જોઇએ.

એકવાર IEP ટીક નિર્ણય કરે કે બાળકને ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવાઓની આવશ્યકતા છે, તો બાળકના IEP ના વિકાસ માટે 30 દિવસમાં IEP ટીમની મિટીંગનું ફરજિયાત આયોજન થવું જોઇએ. IEP ટીમના સભ્ય હોવાથી, કોઇપણ સમયે તેમના બાળકના IEP ની સમીક્ષા કરવાની વિનંતી માટે માતાપિતા હક્ક ધરાવે છે.

## મિટીંગોમાં માતાપિતાની ભાગીદારી:

ખોડખાંપણ ધરાવતા વિદ્યાર્થીના માતાપિતા દરેક IEP ટીમ મિટીંગમાં હાજર રહે, અથવા ભાગ લેવા માટે તક પૂરી પાડવામાં આવે તેની ખાતરી કરવા માટે દરેક જાહેર એજન્સીએ પગલાં લેવા જોઇએ. માતાપિતાને હાજર રહી શકે તેથી મિટીંગની વહેલી જાણ કરવી જોઇએ, અને

મિટીંગના સમય અને સ્થળનું આયોજન પારસ્પરીક સમજુતિથી થવું જોઇએ. મિટીંગનો હેતુ, સમય, સ્થળ, અને કોણ હાજર રહેશે તેની માહિતીનો સમાવેશ નોટીસમાં ફરજિયાત થવો જોઇએ. નોટીસમાં માતાપિતા અથવા જાહેર એજન્સી, અન્ય વ્યક્તિઓ જેઓ બાળક સંલગ્ન જ્ઞાન અથવા ખાસ નિષ્ણાત, સંલગ્ન સેવા વ્યક્તિ સહિતની, આવશ્યકતા, વિવેકબુદ્ધિ અનુસાર IEP ટીમમાં ભાગ લઇ શકે છે. પક્ષ (માતાપિતા અથવા જાહેર એજન્સી) જેઓને IEP ટીમના સભ્ય થવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હોય તેના દ્વારા કોઇ વ્યક્તિ જ્ઞાન અથવા ખાસ આવડતનો નિર્ણય થવો જોઇએ.

14 વર્ષની શરૂઆતમાં, અથવા નાનાં ખોડખાંપણ ધરાવતા વિદ્યાર્થીઓ માટે જો યોગ્ય હોય, બાળકના રૂપાંતર સેવાઓની આવશ્યકતાના અહેવાલનો વિકાસ એ મિટીંગનો હેતુ છે તેમ નોટિસમાં પણ સૂચન થવું ફરજિયાત છે અને એજન્સી વિદ્યાર્થીઓને આમંત્રણ આપશે અને અન્ય એજન્સીની ઓળખ કરશે જેમને પ્રતિનિધિ મોકલવા માટે આમંત્રણ આપવામાં આવે. અન્ય એજન્સીના પ્રતિનિધિને જાહેર એજન્સી આમંત્રણ આપે, તે માટે માતાપિતાની સંમતિની આવશ્યકતા છે.

બાળકની શૈક્ષણિક નિયુક્તિની સમાપ્તિ સહિત, બાળકના IEP ના વિકાસ, સમીક્ષા, અથવા સુધારા માટેની કોઇ IEP ટીમની મિટીંગની નોટીસ જો કોઇ વહેલી મિટીંગનું આયોજન ન હોય તો મિટીંગના કમસે કમ દસ (10) કાર્યકારી દિવસ પહેલાં આપવી ફરજિયાત છેઃ

- શિસ્ત મુદ્દાઓનું સંબોધન;
- જો બાળક ખોડખાંપણ ધરાવતો વિદ્યાર્થી ઓય અને હાલમાં શૈક્ષણિક સેવા ન મેળવતા હોય, તો બાળકની નિયુક્તિ નક્કી કરવી; અથવા
- FAPE ની જોગવાઇની ખાતરી કરવા માટે બાળકની તાત્કાલિક અન્ય આવશ્યકતાઓ પૂર્ણ કરવી.

જો માતાપિતા હાજર ન રહી શકે, તો માતાપિતાની ભાગીદારીની ખાતરી કરવા માટે જાહેર એજન્સી, વ્યક્તિગત અથવા કોનફરન્સ ટેલિફોન કોલ્સ સહિતની અન્ય પદ્ધતિનો ઉપયોગ કરશે. જો જાહેર એજન્સી માતાપિતાને હાજર રહેવું જોઇએ તેની ખાતરી કરાવવા અસમર્થ હોય તો માતાપિતાની હાજરી વિના મિટીંગનું સંચાલન થશે. જો જાહેર એજન્સી નિર્ણયમાં માતાપિતાની ભાગીદારી માટે અસમર્થ હોય, તો માતાપિતાની ભાગીદારી વિના IEP ટીમ નિયુક્તિ નિર્ણય લેશે. આ કિસ્સામાં, સમય અને સ્થળ વિશે પારસ્પરીક સંમતિ મુજબ મિટીંગનું આયોજન કરવાના તેના પ્રયાસોની નોંધ જાહેર એજન્સીએ રાખવી ફરજિયાત છે, જેમ કે કરવામાં આવેલ ટેલીફોન કોલ્સની વિસ્તૃત નોંધ અથવા આ કોલ્સના પરિણામો, માતાપિતા સાથે કરવામાં

આવેલ પત્રવ્યવહાર અને મેળવેલ કોઇ પ્રતિભાવોની નકલો, માતાપિતાના ઘેર અથવા નોકરીના સ્થળે  કરવામાં આવેલ મુલાકાતો અને તેના પરિણામોની વિસ્તૃત નોંધ.
જાહેર એજન્સી વ્યક્તિઓ સંબંધિત કોઇ અનૌપચારિક અથવા અનિયોજીત વાર્તાલાપો અને શિક્ષણ પદ્ધતિ, પાઠ આયોજન, અથવા બાળકના IEP માં મુદ્દાનું સંબોધન ન હોય, સેવા જોગવાઇનું સંચાલનનો સમાવેશ મિટીંગમાં થશે નહીં. આયોજન અથવા માતાપિતાની દરખાસ્ત જેની ચર્ચા પછીની મિટીંગમાં થવાની હોય તેના વિકાસમાં જાહેર એજન્સી વ્યક્તિ રોકાયેલ હોય તેવી પૂર્વનિયોજિત ક્રિયાઓનો પણ મિટીંગમાં સમાવેશ થશે નહીં.

## IEP ટીમઃ

IEP ટીમમાં આ મુજબ સમાવેશ થાય છેઃ

- બાળકના માતાપિતા, વાલી, અથવા માતાપિતાના અવેજી વ્યક્તિ;
- જો બાળક સામાન્ય શૈક્ષણિક વાતાવરણમાં ભાગ લેતા હોય, તો બાળકના સામાન્ય શિક્ષણના એક કરતાં ઓછા શિક્ષકો નહીં. જો બાળક કોઇ સામાન્ય શિક્ષણ શિક્ષક ન ધરાવતા હોય અથવા સ્કુલ વય કરતાં નાનું હોય, તો આ વયે બાળકના શિક્ષણ માટે એક અનુભવી વ્યક્તિ;
- બાળકના એક કરતાં ઓછાં ખાસ શિક્ષણ શિક્ષક નહીં, અથવા જો યોગ્ય હોય, બાળકના સેવા પૂરી પાડનાર;
- જાહેર એજન્સીના પ્રતિનિધિ જેઓ ખોડખાંપણ ધરાવતા વિદ્યાર્થીઓની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે ખાસ તૈયાર કરવામાં આવેલ સૂચનાની જોગવાઇ પૂરી પાડવા અથવા દેખરેખ રાખવા માટે અનુભવી હોય અને સામાન્ય અભ્યાસક્રમ અને ઉપલબ્ધ જાહેર એજન્સીના સ્રોતોનું જ્ઞાન હોય;
- મૂલ્યાંકનોના સૂચનાત્મક ગર્ભિતાર્થોનું ભાષાંતર કરી શકે તે વ્યક્તિ. આ વ્યક્તિ ઉપરોક્ત દર્શાવેલ જાહેર એજન્સી ટીમના સભ્યોમાંથી એક હોઇ શકે છે;
- જો માતાપિતા અથવા જાહેર એજન્સી પસંદ કરે, બાળક સંબંધિત જ્ઞાન અથવા ખાસ કૌશલ્ય ધરાવતી અન્ય વ્યક્તિઓ;
- યોગ્ય અંશે, માતાપિતાની સંમતિથી, ભાગ લેતી કોઇ જાહેર એજન્સી જે રૂપાંતર સેવાઓ પૂરી પાડવા અથવા તેના માટે ચૂકવણી કરવા માટે જવાબદાર હોય તેના કોઇ પ્રતિનિધિને જાહેર એજન્સીએ ફરજિયાત નિમંત્રણ આપવું જોઇએ; અને
- જો યોગ્ય હોય, બાળક. બાળકને નિમંત્રણ આપવું જોઇએ, અને જો મિટીંગનો હેતુ બાળક માટે સેકન્ડરી પૂર્વેના ધ્યેયો ધ્યાને લેવાનો હોય અને આ ધ્યેયો હાંસલ

કરવામાં બાળકને સહાયક રૂપાંતર સેવાઓ માટે IEP ટીમમાં તે હાજર રહે અને ભાગ લે તેવી આશા રાખવામાં આવે છે.

## IEP ટીમ હાજરીઃ

ખોડખાંપણ ધરાવતા બાળકના માતાપિતા જો લેખિતમાં સંમત હોય કે સભ્યની હાજરીની આવશ્યકતા નથી કારણકે મિટીંગમાં સભ્યના અભ્યાસક્રમનો વિસ્તાર અથવા સંલગ્ન સેવામાં કોઇ ફેરફાર અથવા ચર્ચા કરવાની નથી તો IEP ટીમના સભ્યે સંપૂર્ણ અથવા આંશિક IEP મિટીંગમાં હાજર રહેવાની આવશ્યકતા નથી.

જ્યારે મિટીંગ સભ્યના અભ્યાસક્રમનો વિસ્તાર અથવા સંલગ્ન સેવાની ચર્ચા અથવા ફેરફારો સંબંધિત હોય તો પણ IEP ટીમના સભ્યને સંપૂર્ણ અથવા આંશિક IEP મિટીંગમાં હાજર રહેવામાંથી માફી મળશે, જો -

- માતાપિતા અને જાહેર એજન્સી લેખિતમાં માફી માટે સંમતી આપે; અને
- મિટીંગ પહેલાં, સભ્ય માતાપિતા અને IEP ટીમને IEP ના વિકાસના પરિણામો લેખિતમાં રજુ કરે તો સભ્યને માફી આપવામાં આવશે.

## IEP વિષયઃ

IEP ટીમ દ્વારા IEP નો વિકાસ કરવામાં આવ્યો છે અને તેમાં આ મુજબ સમાવેશ થાય છેઃ

- બાળકની શૈક્ષણિક સિદ્ધિના હાલના સ્તરો અને કાર્યકારી ક્ષમતાનો અહેવાલ, જેમાં આ મુજબ સમાવેશ થાય છે –
    - o સામાન્ય શૈક્ષણિક અભ્યાસક્રમમાં (જેમ કે, અપંગ બાળકો ન હોય તેના સમાન અભ્યાસક્રમ) બાળકની ભાગીદારી અને વિકાસને બાળકની ખોડખાંપણ કેવી રીતે પ્રભાવિત કરે છે; અથવા
    - o સ્કુલ પૂર્વેના બાળકો માટે, જો યોગ્ય હોય, યોગ્ય ક્રિયાઓમાં બાળકની ભાગીદારીને ખોડખાંપણ કેવી રીતે પ્રભાવિત કરે છે;

- માપી શકાય તેવા વાર્ષિક ધ્યેયો, તૈયાર કરવામાં આવેલ શૈક્ષણિક અને કાર્યકારી ધ્યેયો સહિતનો અહેવાલ –

    - બાળકની ખોડખાંપણમાંથી પરિણમતી હોય તેવી જરૂરિયાતો પૂર્ણ કરવી જે સામાન્ય શૈક્ષણિક અભ્યાસક્રમના વિકાસમાં બાળકને ભાગીદાર બનાવે.
    - બાળકની ખોડખાંપણમાંથી પરિણમતી દરેક અન્ય શૈક્ષણિક જરૂરિયાતો

પૂર્ણ કરવી.

- બેન્ચમાર્કસનું વર્ણન અથવા ટૂકાં-ગાળાના હેતુઓ.
- વાર્ષિક ધ્યેયો બાળક કેવી રીતે પૂર્ણ કરે તેના વર્ણનની સમીક્ષા કરવામાં આવશે, અને જ્યારે બાળક વાર્ષિક ધ્યેયો (જેમ કે ત્રિમાસિક અથવા અન્ય સમયાંતરના અહેવાલો દ્વારા ઉપયોગ, રીપોર્ટ કાર્ડસની રજુઆત સાથે) પૂર્ણ કરે છે તે વિકાસ પર સમયાંતરના અહેવાલ પૂરાં પાડવામાં આવશે.
- ખાસ શિક્ષણનો અહેવાલ અને સંલગ્ન સેવાઓ અને પૂરક સાધનો અને સેવાઓ, વ્યવહારિક અંશે ઝીણવટપૂર્વક-સમીક્ષા કરેલ સંશોધન પર આધારીત, બાળકને પૂરાં પાડવામાં આવશે, અથવા બાળક વતી, અને કાર્યક્રમ ફેરફારોનો અહેવાલ અથવા સ્કુલ વ્યક્તિ માટે સહાયો પૂરી પાડવામાં આવે જેથી બાળક આ મુજબ કાર્યો કરી શકશે-
- વાર્ષિક ધ્યેયો હાંસલ કરવા પ્રત્યે યોગ્ય રીતે આધુનિક બનશે;
- સામાન્ય અભ્યાસક્રમમાં સંલગ્ન થશે અને અને વિકાસ કરશે અને વિશેષ અભ્યાસક્રમલક્ષી અને અન્ય બિનશૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ભાગ લેશે; અને
- ખોડખાંપણ ધરાવતા બાળકો અને અન્ય અપંગ ન હોય તેવા બાળકો સાથે ભાગ લેશે અને શિક્ષણ મેળવશે;
- એક સ્પષ્ટતાના અંશે, જો હોય, તો સામાન્ય શૈક્ષણિક વાતાવરણ અને પ્રવૃત્તિઓમાં બાળક અપંગ ન હોય તેવા બાળકો સાથે બાળક ભાગ લેશે નહીં;
- સ્ટેટ અને ડિસ્ટ્રીક્ટ મુજબ મૂલ્યાંકનો પર બાળકની શૈક્ષણિક સિદ્ધિ અને કાર્યકારી ક્ષમતાના માપ માટે આવશ્યક હોય તેવા કોઇ વ્યક્તિગત યોગ્ય રહેઠાણોનો અહેવાલ; અને
- જો IEP ટીમ નિર્ણય કરે ખાસ નિયમિત સ્ટેટ અથવા ડિસ્ટ્રીક્ટ મુજબ બાળકની સિદ્ધિના મૂલ્યાંકનના બદલે બાળકે કોઇ વૈકલ્પિક આકારણી કરવી ફરજિયાત છે, શા માટેનો અહેવાલ -
- સામાન્ય આકારણીમાં બાળક શા માટે ભાગ લઇ શકશે નહીં, અને
- બાળક માટે યોગ્ય પસંદ કરેલ ખાસ વૈકલ્પિક આકારણી;
- સેવાઓ અને ફેરફારોની શરૂઆત માટેની નિયત તારીખ, અને સંભવિત પ્રક્રિયા દર, સ્થળ અને આ સેવાઓનો સમયગાળો અને ફેરફારો.

બાળકના IEP સાથે સુસંગત જાહેર એજન્સી બાળકને ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવાઓ પૂરી પાડશે અને ધ્યેયો અને હેતુઓ અથવા IEP માં સૂચિત ધ્યેયો હાંસલ કરવા માટે બાળકને સહાયક સારો વિશ્વાસુ પ્રયાસ કરશે. જો બાળક વાર્ષિક ધ્યેયોમાં નિયત વિકાસ અને બેન્ચમાર્ક્સ અથવા હેતુઓ હાંસલ ન કરે તો જાહેર એજન્સી, શિક્ષક, અથવા અન્ય વ્યક્તિને જવાબદાર ગણવામાં આવશે નહીં.

બાળકના IEP માં અધિક માહિતીના સમાવેશની IDEA 2004 માટે આવશ્યકતા નથી, બાળકના IEPના એક ભાગ જે પહેલાંથી જ બાળકના IEP ના અન્ય ભાગ હેઠળ સમાવિષ્ટ છે તે હેઠળ માહિતીનો સમાવેશ કરવો એ IDEA વિચાર અથવા IEP ટીમ દ્વારા સ્પષ્ટ રીતે આવશ્યક છે.

જો બાળકને વિસ્તૃત સ્કુલ વર્ષ સેવાઓની આવશ્યકતા હોય, નિયમિત સ્કુલ વર્ષથી વિશેષ IEP માં ખાસ શિક્ષણનો સમાવેશ કરવો ફરજિયાત છે અને સંલગ્ન સેવાઓનો સમાવેશ થવો જોઇએ.

**<u>રૂપાંતર સેવાઓઃ</u>**

સ્કુલમાંથી સ્કુલ-બાદની પ્રવૃત્તિઓ, સેકન્ડરી-પૂર્વે અભ્યાસ, કારકિર્દી અને ટેકનોલોજી શિક્ષણ, સુદ્રઢ રોજગાર, પુખ્ત સેવાઓ, સ્વતંત્ર જીવન, અથવા સામાજિક ભાગીદારી સહિતના કાર્યોને પ્રોત્સાહન આપવા માટે તૈયાર કરવામાં આવેલ રૂપાંતર સેવાઓનો સંયુક્ત ભાગ છે.

પ્રક્રિયાઓનો આ ભાગ બાળકની આવશ્યકતાઓ પર આધારીત છે, બાળકની પસંદગીઓ અને વિષયોને ધ્યાનમાં લે છે, અને અભ્યાસના કોર્સ, સંલગ્ન સેવાઓ અને સામાજિક પ્રવૃત્તિઓનો સમાવેશ કરે છે.

- o જ્યારે બાળક 14, અથવા નાનું હોય ત્યારે શરૂ થાય છે, જો યોગ્ય હોય, અને વરસે આધુનિક થાય છે, IEP એ બાળકની રૂપાંતર સેવા જરૂરિયાતો જે બાળકના અભ્યાસના કોર્સ પર કેન્દ્રીત હોય તેના અહેવાલનો ફરજિયાત સમાવેશ કરવો જોઇએ.
- o પ્રથમ IEP કરતાં શરૂઆત વહેલી નહીં જ્યારે બાળક 16 નું થાય ત્યારે અમલમાં આવે છે, જો IEP ટીમ દ્વારા યોગ્ય નિર્ણય કરેલ હયો તો વહેલા, અને વરસે આધુનિક થાય છે, ત્યાર બાદ, IEP આ બાબતોનો સમાવેશ કરવો ફરજિયાત છે -
  - o વય આધારીત સેકન્ડરી પૂર્વેના માપી શકાય તેવા યોગ્ય ધ્યેયો, તાલીમ સંલગ્ન રૂપાંતર આકારણીઓ, શિક્ષણ, રોજગાર, અને, જ્યાં યોગ્ય હોય, સ્વતંત્ર જીવન કૌશલ્યો; અને
  - o આ ધ્યેયો હાંસલ કરવામાં બાળકને સહાયક આવશ્યક રૂપાંતર સેવાઓ (અભ્યાસના કોર્સ સહિત).
- o ખોડખાંપણ ધરાવતા વિદ્યાર્થી જે સ્ટેટ લો હેઠળ ગુનેગાર સાબિત થયેલ હોય અને એક

પુખ્ત સુધારા સુવિધામાં કેદમાં પૂરાયેલ હોય અને મૂક્તિ માટે વિદ્યાર્થી લાયક થાય તે પહેલાં ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવાઓ માટે લાયકાત પૂર્ણ થવા પર હોય તેમને રૂપાંતર સેવાઓ પૂરી પાડવાની આવશ્યકતાઓ લાગુ થશે નહીં.

**કામગીરીનો સારઃ**

લાયકાત સમાપ્ત થઇ હોય તેવા બાળક માટે, જાહેર એજન્સી બાળકની શૈક્ષણિક સિદ્ધિ અને કાર્યકારી કામગીરીનો સાર બાળકને આપશે, જેમાં બાળકના સેકન્ડરી પૂર્વેના ધ્યેયો પૂર્ણ કરવા માટે બાળકને કેવી રીતે સહાય કરવી તેની ભલામણોનો સમાવેશ કરવામાં આવશે.

**ખાસ શિક્ષણ સેવાઓ શરૂ કરવા માટે સંમતિ આપવીઃ**

ખોડખાંપણ ધરાવતા વિદ્યાર્થીઓને ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવાઓની જોગવાઇ આપતા પહેલાં જાહેર એજન્સી માતાપિતાની લેખિત સંમતિ મેળવશે. જો બાળકના માતાપિતા ખાસ શિક્ષણ સેવા અને સંલગ્ન સેવા આપવાના ઇન્કાર માટે લેખિતમાં જાહેર એજન્સીને જાણ કરે, અથવા જાહેર એજન્સી દ્વારા ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવાઓની શરૂઆત માટે સંમતિ આપવામાં નિષ્ફળ જાય તો જાહેર એજન્સી ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવાઓ પૂરી પાડશે નહીં. જો માતાપિતા ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવાઓ આપવા માટેની સંમતિ ન આપે, તો જાહેર એજન્સી બાળકને ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવાઓ પૂરી **પાડી શકશે નહીં**. ખોડખાંપણ ધરાવતા બાળકના માતાપિતા શરૂઆતની સંમતિ આપવાનો જો ઇન્કાર કરે, તો જાહેર એજન્સી તેને FAPE ઉપલબ્ધ કરાવવાની આવશ્યકતા માટેની અવગણના તરીકે ધ્યાને લેશે નહીં, અને વિદ્યાર્થી માટે IEP ની વિકાસ કરવા અથવા IEP ટીમ મિટીંગનું આયોજન કરવાની આવશ્યકતા રહેશે નહીં.

**ખાસ શિક્ષણ સેવાઓ માટે સંમતિ રદ્દ કરવીઃ**

ડિસેમ્બર 31, 2008 થી, ઇન્ડીવિજ્યુઅલ વિથ ડિસેબિલીટીઝ એજ્યુકેશન એક્ટ (IDEA) માતાપિતાને ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવાઓની જોગવાઇ માટે સંમતિ રદ્દ કરવાની સત્તા આપે છે, આથી તેમના બાળકને ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવા સમાપ્ત કરી શકાય. જ્યારે આ ફેરફાર યુ.એસ. ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશનના વિસ્તૃત અર્થઘટનને વિપરીત કરે છે, માતાપિતાના તેમના બાળકને રક્ષણ આપવાના અધિકારો અને માતાપિતાની ભાગીદારીને ઉત્તેજન આપવાના ડિપાર્ટમેન્ટના ધ્યેય અને તેમના બાળકના શિક્ષણની પસંદગીમાં તે IDEA ના પ્રાધાન્ય સાથે સુસંગતતા પૂરી પાડે છે.

કોઇપણ સમયે જો જાહેર એજન્સીએ ખોડખાંપણ ધરાવતા બાળકને ખાસ શિક્ષણ અને સંલગ્ન

સેવાઓ પૂરી પાડવાનું શરૂ કર્યા બાદ, બાળકના માતાપિતા ચાલુ ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવાઓની જોગવાઇની સંમતિ **લેખિતમાં** રદ્દ કરી શકશે. જાહેર એજન્સી તે બાળકને ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવાઓ પૂરી પાડવાનું ચાલુ **રાખશે નહીં**, પરંતુ ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવાઓની જોગવાઇ બંધ કરવા માટે માતાપિતાએ પહેલાં લેખિત નોટિસ આપવી ફરજિયાત છે. બાળકને સેવા પૂરી પાડવી જોઇએ તે માટે કરાર અથવા ઠરાવ મેળવવા માટે જાહેર એજન્સી મધ્યસ્થી અથવા સુનાવણી પ્રક્રિયાનો ઉપયોગ **કરશે નહીં.** વધુ ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવાઓ બાળકને પૂરી પાડવાની નિષ્ફળતાના કારણે જાહેર એજન્સીને FAPE ઉપલબ્ધ કરાવવાની આવશ્યકતા માટેની અવગણના તરીકે ધ્યાને લેશે નહીં, અને IEP ટીમ મિટીંગનું આયોજન કરવાની અથવા વધુ ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવાઓની વધુ જોગવાઇ માટે બાળક માટે IEP ના વિકાસનું આયોજન કરવાની આવશ્યકતા રહેશે નહીં. જ્યારે માતાપિતા ચાલુ ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવાઓની જોગવાઇની સંમતિ રદ્દ કરે, ત્યારે જાહેર એજન્સીને બાળકના શિક્ષણ રેકોર્ડસ સુધારવાની અને સંમતિ રદ્દ કરવાના કારણે ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવાઓની બાળકની પ્રાપ્તિ માટે કોઇ સંદર્ભ દૂર કરવાની આવશ્યકતા નથી.

## IEP વિકાસ, સમીક્ષા, અને સુધારો:

બાળકના IEP ના વિકાસ, સમીક્ષા, અથવા સુધારામાં, IEP ટીમ આ બાબતોને ધ્યાને લેશે અને તેનો અહેવાલ આપશે:

- બાળકની મજબૂતી અને બાળકના શિક્ષણના ઉત્તેજન માટે માતાપિતાની રૂચિ;
- બાળકના પ્રાથમિક અને અતિ આધુનિક મૂલ્યાંકનના પરિણામો;
- બાળકની શૈક્ષણિક, વિકાસલક્ષી, અને કાર્યકારી આવશ્યકતાઓ;
- આવશ્યકતા અનુસાર, રાજ્ય અથવા જિલ્લા વ્યાપી આકારણી કાર્યક્રમો પર બાળકની કાર્યક્ષમતાના પરિણામો;
- સંદેશાવ્યવહાર આવશ્યકતાઓ;
- સહાયક ટેકનોલોજી સાધનો અને બાળકની સેવા આવશ્યકતાઓ.
- ખાસ કારણોની બાળક કેન્દ્રીત વિચારણા, જેમ કે:
  - બાળકનું વર્તન તેના શિક્ષણમાં અડચણરૂપ થતુ હોય તેવા અથવા અન્ય કિસ્સામાં, હકારાત્મક વર્તન દરમિયાનગીરી અને સહાયનો ઉપયોગ અને તે વર્તનને સંલગ્ન અન્ય વ્યુહો ધ્યાને લેવા;
  - બાળક મર્યાદિત ઇંગ્લીશ કૌશલ્ય ધરાવતા હોય તેવા કિસ્સામાં, બાળકના IEP ને

સંલગ્ન હોય તે પ્રમાણે બાળકની ભાષા જરૂરિયાતો ધ્યાને લેવી;

- બાળક અંધ અથવા દ્રષ્ટિની ખામી ધરાવતા હોય તેવા કિસ્સામાં, બ્રેઇલમાં પાઠ્યપુસ્તકો, બ્રેઇલનો ઉપયોગ સહિત બ્રેઇલમાં સૂચનાઓ આપવી સિવાય કે બાળકના વાંચન અને લેખન કૌશલ્ય, જરૂરિયાતો અને યોગ્ય વાંચન અને લેખન માધ્યમ (બ્રેઇલમાં સૂચના અથવા બ્રેઇલના ઉપયોગ માટે બાળકની ભવિષ્યની જરૂરિયાતોના મૂલ્યાંકનો સહિત), કે બાળક માટે બ્રેઇલમાં પાઠ્યપુસ્તકો સહિત, બાળક માટે બ્રેઇલ અથવા બ્રેઇલમાં સૂચના યોગ્ય નથી, તેવો મૂલ્યાંકન બાદ, IEP એ નિર્ણય આપ્યો હોય; અને

- બાળક બહેરું અથવા ઓછું સાંભળી શકતુ હોય તેવા કિસ્સામાં, બાળકની ભાષા અને સંદેશાવ્યવહારની આવશ્યકતાઓ, બાળકની ભાષા અને સંદેશાવ્યવહાર પદ્ધતિમાં સમકક્ષ અને વ્યવસાયિક વ્યક્તિ સાથે પ્રત્યક્ષ સંદેશાવ્યવહાર માટે તકો, શૈક્ષણિક સ્તર અને આવશ્યકતાની સંપૂર્ણ શ્રેણી, બાળકની ભાષા અને સંદેશાવ્યવહાર પદ્ધતિમાં પ્રત્યક્ષ સૂચના માટે તકો સહિત ધ્યાનમાં લેવી.

ઉપરોક્ત ખાસ પરીબળોની વિચારણા દ્વારા, જો IEP ટીમ નિર્ણય કરે કે બાળકને ખાસ સાધન, સેવા, હસ્તક્ષેપ, રહેઠાણ, અથવા FAPE મેળવવા માટે બાળક માટે કાર્યક્રમમાં ફેરફારની આવશ્યકતા છે, તો બાળકના IEP માં તેને અસરકર્તા અહેવાલનો સમાવેશ IEP ટીમે ફરજિયાત કરવો જોઇએ.

IEP ટીમના સભ્ય તરીકે, બાળકના સામાન્ય શિક્ષણ શિક્ષકે, યોગ્ય અંશે, બાળકના IEP વિકાસમાં ભાગ લેવો જોઇએ. બાળકના યોગ્ય હકારાત્મક હસ્તક્ષેપો અને સહાયો અને અન્ય વ્યુહોના નિર્ણયમાં સહાય કરવી, સાથે સાથે પૂરક સાધનો અને સેવાઓ, કાર્યક્રમ ફેરફારો, અને શાળાના વ્યક્તિઓ માટે સહાયનો સમાવેશ ભાગીદારીમાં થાય છે.

IEP ટીમ સમયાંતરે, પરંતુ વાર્ષિક કરતાં ઓછા સમયગાળામાં નહીં, નીચેના માટે બાળકના IEP ની સમીક્ષા કરે છે:

- બાળક માટેના વાર્ષિક ધ્યેયો હાંસલ થઇ રહ્યાં છે કે કેમ તેનો નિર્ણય લેવો; અને
- યોગ્ય રીતે, IEP માં આ મુદ્દાઓ માટે સુધારણા કરવી -
    - વાર્ષિક ધ્યેયો પ્રત્યે અને સામાન્ય શિક્ષણ અભ્યાસક્રમમાં અપેક્ષિત વિકાસની

કોઇ ખામી, જો યોગ્ય હોય;

- o પુનઃમૂલ્યાંકનના પરિણામો; - માતાપિતાને, અથવા તેમના દ્વારા બાળક વિશે માહિતી આપવી;
- o બાળકની અપેક્ષિત આવશ્યકતાઓ; અથવા
- o બાળકના કાર્યક્રમને સંલગ્ન અન્ય બાબતો.

**સુધારાઓઃ**

IEP માં ફેરફાર કરવા માટે IEP ટીમ મિટીંગનું આયોજન ન કરવા માટે બાળકના માતાપિતા અને જાહેર એજન્સી સંમત થઇ શકે છે. ખાસ શાળા વર્ષ માટે વાર્ષિક IEP મિટીંગ બાદ બાળકના IEP માં ફેરફારો કરવા માટે, ખોડખાંપણ ધરાવતા બાળકના માતાપિતા અને જાહેર એજન્સી, બાળકના વર્તમાન IEP માં સુધારા અથવા ફેરફાર કરવા માટે લેખિત કરાર માટે સંમત થશે. વિનંતી પર, સુધારા સાથેની IEP ની સુધારેલ નકલ માતાપિતાને પૂરી પાડવામાં આવશે.

**નિયુક્તિઃ**

IEPના સભ્ય તરીકે, તેમના બાળકની નિયુક્તિ સંબંધિત નિર્ણયોમાં માતાપિતાનો સમાવેશ કરવામાં આવે છે. મહત્તમ યોગ્ય અંશે, ખોડખાંપણ ધરાવતા વિદ્યાર્થીઓને, જાહેર અથવા ખાનગી સંસ્થાઓ અથવા અન્ય સંભાળ સુવિધાઓના વિદ્યાર્થીઓ સહિત, ખોડખાંપણ ધરાવતા ન હોય તેવા વિદ્યાર્થીઓ સાથે શિક્ષણ આપવામાં આવે છે. વાર્ષિક ધોરણે, બાળકની IEP ટીમ આ મુજબ કાર્યો કરશેઃ

- o IEP આધારીત, બાળકની શૈક્ષણિક નિયુક્તિ નક્કી કરવી; અને
- o જો તે ખોડખાંપણ ધરાવતો ન હોત તો તે જે શાળામાં હોત તેમાં જ બાળક શિક્ષણ લે તે માન્ય કરવું, સિવાય કે બાળકના IEP ને કોઇ અન્ય વ્યવસ્થાની આવશ્યકતા હોય.

જો બાળક સ્ટેટ લો હેઠળ ગુનેગાર સાબિત થયેલ હોય અને એક પુખ્ત સુધારા સુવિધામાં કેદમાં પૂરાયેલ હોય અને સ્ટેટે ખરેખર સુરક્ષા આપેલ હોય, અથવા જેલની સજા બાબતે ફરજ પાડેલ હોય જેનો અન્યથા સમાવેશ થશે નહીં, તો IEP ટીમ બાળકના IEP અથવા નિયુક્તિમાં ફેરફાર કરશે.

## IEP અમલીકરણઃ

જાહેર એજન્સીએ આ મુજબ ખાતરી કરવી ફરજિયાત છેઃ

- o IEPના વિકાસ બાદ શક્ય તેટલી વહેલી તકે બાળકના IEP નો અમલ થવો જોઇએ,

સિવાય કે ઉનાળા અથવા વેકેશન સમયમાં મિટીંગ કરવામાં આવી હોય, અથવા એવા સંજોગો હોય જેના કારણે ટૂંકા વિલંબની આવશ્યકતા હોય, જેમ કે પરીવહનની વ્યવસ્થા કરવી.

- o શાળા વર્ષની શરૂઆતથી બાળક માટે IEP અમલમાં આવે.
- o દરેક શિક્ષક, સંલગ્ન સેવાઓ પૂરી પાડનાર, અને અન્ય સેવા પૂરી પાડનાર જેઓ બાળકના IEP ના અમલ માટે જવાબદાર છે, તેમના માટે IEP ઉપલબ્ધ હોવી.
- o બાળકને સેવા પૂરી પાડનાર તરીકે ઓળખવામાં આવેલ દરેક વ્યક્તિને બાળકના IEP લાગુ કરવા સંલગ્ન તેમની જવાબદારીઓની અને રહેઠાણ, ફેરફારો, અને સહાયો જે પૂરાં પાડવા જોઇએ તેની ફરજિયાત જાણકારી આપવી જોઇએ.
- o બાળકના IEP ની નકલ માતાપિતા વિના મૂલ્યે મેળવે.

<u>અન્ય જાહેર એજન્સીમાં બદલી થતા બાળકોઃ</u>

તે જ રાજ્યમાં સ્થળાંતર-

સમાન શૈક્ષણિક વર્ષમાં જાહેર એજન્સીમાં સ્થળાંતર કરતા ખોડખાંપણ ધરાવતા બાળકના કિસ્સામાં, જેઓ જેઓ, તે જ રાજ્યમાં અસરમાં હોય તેવી IEP સાથે નવી જાહેર એજન્સીમાં પ્રવેશ મેળવે છે, તો જાહેર એજન્સી આ મુજબ કાર્યવાહી કરશેઃ

- o બાળકને વિના મૂલ્યે જાહેર શિક્ષણ પૂરું પાડવું જેમાં પૂર્વે કરવામાં આવેલ IEP માં વર્ણવેલ સેવાઓને સમકક્ષ સામેલ હોય, માતાપિતા સાથે ચર્ચા કરીને સિવાય કે પૂર્વે નક્કી થયેલ IEP ને જાહેર એજન્સી સ્વીકારે; અથવા
- o ફેડરલ અને સ્ટેટ લો અનુસાર નવાં IEP નો વિકાસ, સ્વીકૃતિ, અને અમલ કરવો.

તે જ રાજ્યમાં બાળકને સ્થળાંતરની સુવિધા પૂરી પાડવા માટે, નવી જાહેર એજન્સી જેમાં બાળક પ્રવેશ મેળવે તેના દ્વારા પહેલાંની જાહેર એજન્સીમાંથી બાળકનો રેકોર્ડઝ લેવા માટે નીચેના સહિત ઝડપી યોગ્ય પગલાં લેવા જોઇએઃ

- o IEP અને સહાયક દસ્તાવેજો; અને
- o બાળકને આપવામાં આવતી ખાસ શિક્ષણ એ સંલગ્ન સેવાઓની જોગવાઇ સંબંધિત અન્ય રેકોર્ડઝ

**રાજ્યની બહારથી સ્થળાંતર-**

સમાન શૈક્ષણિક વર્ષમાં જાહેર એજન્સીમાં સ્થળાંતર કરતા ખોડખાંપણ ધરાવતા બાળકના

કિસ્સામાં, જેઓ, અન્ય રાજ્યમાં અસરમાં હોય તેવી IEP સાથે નવી જાહેર એજન્સીમાં પ્રવેશ મેળવે છે, તો જાહેર એજન્સી આ મુજબ કાર્યવાહી કરશેઃ

- o બાળકને વિના મૂલ્યે જાહેર શિક્ષણ પૂરું પાડવું જેમાં પૂર્વે કરવામાં આવેલ IEP માં વર્ણવેલ સેવાઓને સમકક્ષ સામેલ હોય, માતાપિતા સાથે ચર્ચા કરીને સિવાય કે જાહરે એજન્સી મૂલ્યાંકનનું, જો આવશ્યકતા જણાય, સંચાલન કરે; અને
- o ફેડરલ અને સ્ટેટ લો અનુસાર યોગ્ય હોય તો, નવાં IEP નો વિકાસ કરવો.

અન્ય રાજ્યમાંથી આવતા બાળકને સ્થળાંતરની સુવિધા પૂરી પાડવા માટે, પહેલાંની જાહેર એજન્સી જેમાં બાળકે પ્રવેશ મેળવેલ હોય તેમણે શૈક્ષણિક રેકોર્ડઝ માટેનો નવી જાહેર એજન્સીની વિનંતીનો ઝડપી પ્રતિભાવ આપવા માટે યોગ્ય પગલાં લેવા જોઇએ.

**ગ્રેજ્યુએશન આવશ્યકતાઓઃ**

જાહેર એજન્સી બાળકના માતાપિતા રાજ્ય અને સ્થાનિક ગ્રેજ્યુએશન આવશ્યકતાઓની અને તે આવશ્યકતાઓની પૂર્તિ પ્રત્યે બાળકના વિકાસ વિશે માહિતી આપશે. જ્યારે ખોડખાંપણ ધરાવતો વિદ્યાર્થી હાઇ સ્કુલમાંથી નિયમિત હાઇ સ્કુલ ડિપ્લોમા સાથે ગ્રેજ્યુએટ થાય, તો જાહેર એજન્સી માતાપિતાને તેમના બાળકના બાકી ગ્રેજ્યુએશની જાણકારી આપશે. નિયમિત હાઇ સ્કુલ ડિપ્લોમા સાથે ગ્રેજ્યુએશનમાં નિયુક્તિમાં ફેરફારનો સમાવેશ થાય છે અને FAPE પ્રત્યેનો બાળકનો અધિકાર સમાપ્ત થાય છે.

## વિસ્તૃત શાળા વર્ષ સેવાઓ (ESY):

વિસ્તૃત શાળા વર્ષ સેવાઓનો (ESY) અર્થ છે કે વ્યક્તિગત ચોક્કસ ખાસ શિક્ષણ અને સંલગ્ન સેવાઓની વિસ્તૃતી, જે ખોડખાંપણ ધરાવતા વિદ્યાર્થીને જાહેર એજન્સીના સામાન્ય સ્કુલ વર્ષપર્યંત, IEP અનુસાર, માતાપિતાને કોઇ ખર્ચ વિના વિશેષ રીતે પૂરી પાડવામાં આવે છે, અને જે MSDE ના માપદંડોની પૂર્તિ કરે છે. ESY સેવાઓ માત્ર FAPE માટે આવશ્યક છે જ્યારે ખોડખાંપણ ધરાવતા વિદ્યાર્થી સામાન્ય શાળા વર્ષ દરમિયાન જે ફાયદાઓ મેળવે છે તે અર્થસભર રીતે ભયજનક થશે, જો ઉનાળા મહિના દરમિયાન બાળકને શૈક્ષણિક કાર્યક્રમ ન આપવામાં આવે. જાહેર એજન્સી ખાસ પ્રકારની ખોડખાંપણની કક્ષાઓની ESY સેવાઓ અથવા એકપક્ષી રીતે તે સેવાઓના પ્રકાર, રકમ અથવા સમયને મર્યાદિત કરશે નહીં.

જો બાળકની IEP ટીમ, વ્યક્તિગત આધારે, નિર્ણય લે કે FAPEની જોગવાઇ માટે સેવાઓ આવશ્યક છે, તો ESY સેવાઓ પૂરી પાડવામાં આવે છે. ખોડખાંપણ ધરાવતા વિદ્યાર્થીની ખાસ જરૂરિયાતો પૂર્ણ કરવા માટેની આવશ્યકતા માટે ESY સેવાની ઉપલબ્ધિની માતાપિતાને જાણ કરવામાં આવે છે. ઓછામાં ઓછા વાર્ષિક ધોરણે, વિદ્યાર્થીને ESY સેવાઓની આવશ્યકતા છે કે કેમ તેનો નિર્ણય IEP ટીમ લેશે. જો માતાપિતા જાહેર એજન્સીની દરખાસ્ત સાથે અસંમત હોય, તો માતાપિતાને તેમના પ્રક્રિયાલક્ષી સુરક્ષા અધિકારો પર કાર્ય માટે પર્યાપ્ત સમય મળે તે માટે શાળા વર્ષમાં વહેલી તકે આ નિર્ણય લેવાવો જોઇએ. આમછતાં, એક માહિતીપ્રદ નિર્ણય લઇ શકાય તેના સંદર્ભમાં જો પર્યાપ્ત માહિતી ન હોય તેટલો વહેલો આ નિર્ણય થવો જોઇએ નહીં. ખોડખાંપણ ધરાવતા વિદ્યાર્થી સામાન્ય શાળા વર્ષ દરમિયાન જે ફાયદાઓ મેળવે છે તે અર્થસભર રીતે ભયજનક થશે, જો ઉનાળા મહિના દરમિયાન બાળકને શૈક્ષણિક કાર્યક્રમ ન આપવામાં આવે, તેનો નિર્ણય કરવા માટે IEP ટીમે નીચના કારણો ધ્યાને લેશેઃ

- બાળકના IEP માં સંવેદનશીલ જીવન કૌશલ્યો સંલગ્ન વાર્ષિક ધ્યેયોનો સમાવેશ છે કે કેમ;
- સામાન્ય શાળા વિરામના પરિણામે બાળક સંવેદનશીલ જીવન કૌશલ્યોની આવશ્યક પીછેહઠથી પીડાશે કે કેમ અને યોગ્ય સમયમાં આ ગૂમાવેલ કૌશલ્યોને પુનઃપ્રાપ્ત કરવામાં નિષ્ફળ જશે કે કેમ;
- IEP ધ્યેયો અને હેતુઓના કૌશલ્ય પ્રત્યે બાળકની સમજણ;
- ઉદ્દભવતા કૌશલ્યો અને નવીન તકોની હાજરી;
- હસ્તક્ષેપલક્ષી વર્તણૂકો;
- ખોડખાંપણનું સ્વરૂપ અને/અથવા તીવ્રતા; અને
- ખાસ સંજોગો.

કાર્યક્રમમાંથી શૈક્ષણિક ફાયદા મેળવવા માટે વિદ્યાર્થીની ક્ષમતા પર થતી અસરને નક્કી કરવા માટે IEP ટીમ દરેક પરીબળોને સ્વતંત્ર રીતે ધ્યાનમાં લેશે. ESY સેવાઓની આવશ્યકતાને ધ્યાને લેતા, દરેક વિદ્યાર્થી માટે આ માપદંડ વ્યક્તિગત રીતે ફરજિયાત લાગુ થવો જોઇએ. જો વિદ્યાર્થીને વિસ્તૃત શાળા વર્ષ સેવાઓ પૂરી પાડવામાં ન આવે તો સામાન્ય સ્કુલ વર્ષો દરમિયાન મળવાપાત્ર લાભો અને ફાયદા અર્થસભર રીતે ભયજનક થશે કે કેમ તે નક્કી કરવા માટે આ વિચારણાઓના પરિણામો અને પરીબળોની વિચારણાની નોંધ IEP ટીમે ફરજિયાત કરવી જોઇશે.

# મેરીલેન્ડમાં મૂલ્યાંકન, લાયકાત અને IEP પ્રક્રિયાને સમજવી

આ પ્રકાશન મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, ડિવીઝન ઓફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસીસનું છે. રોજગાર પ્રભાવિત બાબતોમાં અથવા કાર્યક્રમોની પહોંચ આપવા, વંશ, રંગ, જાતિ, વય, રાષ્ટ્રિય ઉદ્દભવ, ધર્મ, અથવા ખોડખાંપણના આધાર પર મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ કોઇ ભેદભાવ રાખતુ નથી. ખાતાકિય નીતિની માહિતી માટે, 410-767-0246 વોઇસ, 410-333-2226 ફેક્સ, અથવા 410-333-6442 TDD પર ઇક્વીટી એસ્યોરન્સ અને કમ્પ્લાયન્સ બ્રાંચનો સંપર્ક કરો.

ડિવીઝન ઓફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસીસ દ્વારા યુ.એસ. ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, ઓફીસ ઓફ સ્પેશ્યલ એજ્યુકેશન અને રીહેબીલેટીવ સર્વિસીઝ, IDEA, પાર્ટ B, ગ્રાન્ટ #H027A080035A તરફથી મળેલ નાણાકીય સહાયથી આ દસ્તાવેજનો વિકાસ અને ઉત્પાદન કરવામાં આવ્યો છે. અહીં દર્શાવેલ મંત્વ્યો આવશ્યક રીતે યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન અથવા અન્ય કોઇ ફેડરલ એજન્સીના મંતવ્યો નથી અને તેમ હોય તેવું માનવું નહીં. આ માહિતી કોપીરાઇટ મુક્ત છે. વાચકોને નકલ કરવા અને વહેચણી કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે, પરંતુ ડિવીઝન ઓફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસીસ, મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશનનો ઋણસ્વીકાર કરશો. અમેરિકન વિથ ડિસેબિલીટીઝ એક્ટ (ADA) સાથે આ દસ્તાવેજ સુસંગત છે અને અરજી કરવાથી વૈકલ્પિક સ્વરૂપોમાં ઉપલબ્ધ છે. 410-767-0858 વોઇસ, 410-333-1571 ફેક્સ, 410-333-0731 TDD પર ફેમીલી સર્વિસીઝ એન્ડ ઇન્ટીગ્રીટી બ્રાંચનો સંપર્ક કરો.

મેરીલેન્ડ સ્ટેટ ડિપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, ડિવીઝન ઓફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસીસ 200 વેસ્ટ બાલ્ટીમોર સ્ટ્રીટ, 9 મો માળ બાલ્ટીમોર, MD 21201 410-767-0261 ફોન • 1-800-535-0182 વિના મૂલ્યે 410-333-8165 ફેક્સ • 410-333-0731 TDD www.MarylandPublicSchools.org નેન્સી એસ. ગ્રેસમીક, સ્ટેટ સુપ્રીન્ટેન્ડન્ટ ઓફ સ્કુલ્સ. જેમ્સ એચ. ગ્રાફેનહેઇટ, જુનિયર પ્રેસિડેન્ટ, સ્ટેટ બોર્ડ ઓફ એજ્યુકેશન. એન હિથ - બેગલિન, આસીસ્ટન્ટ સ્ટેટ સુપ્રીન્ટેન્ડન્ટ, ડિવીઝન ઓફ સ્પેશ્યલ એજ્યુકેશન/અર્લી ઇન્ટરવેન્શન સર્વિસીસ. માર્ટીન ઓ'મેલી, ગર્વનર.